

# કોરોનરી આર્ટરી બાયપાસ સર્જરી




www.unmicrc.org

# કોરોનરી આર્ટરી બાયપાસ સર્જરી

- સી.એ.ડી. એટલે કોરોનરી ધમનીઓ (હૃદયને લોહી પહોંચાડતી નસો) નું સાંકડું થવું. કોરોનરી બાયપાસ સર્જરીમાં હૃદયની રક્તવાહિનીઓનું ઓપરેશન કરવામાં આવે છે. હૃદયની રક્તવાહિનીઓ જે માંસપેશીને ઓક્સીજન અને જરૂરી પોષક તત્વો આપે છે, તેને ખૂબ સાંકડી થઇ ગઇ હોય છે. આ તકલીફ ધમનીઓની દિવાલો પર ચરબીની જમાવટના લીધે થાય, આનાં પરિણામે રક્તવાહિનીનાં અંદરનો ભાગ રૂક્ષ અને સાંકડો થઇ જાય છે, જેનાંથી હૃદયની માંસપેશીઓને ઓક્સીજનનું પ્રમાણ ઓછું પહોચે છે.
- જો હૃદય ધમનીઓમાં એક અથવા બે અવરોધ હોય તો તેની સારવાર એન્જીયોપ્લાસ્ટી અથવા બલૂન થી થઇ શકે છે, જ્યારે આ રૂકાવટો બે અથવા એનાથી વધારે હોય છે ત્યારે એક બીજી રીતે એનો ઉપચાર એ છે કે, એ અવરોધ અથવા સાંકડી થઇ ગયેલી રક્તવાહિનીને બાયપાસ કરીને બીજી રક્તવાહિનીના ટુકડા સાથે જોડી દેવું.
- હૃદય એક પમ્પની જેમ કામ કરે છે. હૃદય વિશેષ પ્રકારનાં માસપેશીઓથી બનેલું હોય છે, જેને માયોકાર્ડિયમ કહેવાય છે, હૃદયનું મૂળ કાર્ય શરીરને શુધ્ધ લોહી પહોંચાડવાનું હોય છે.જેથી શરીરને પૂરતું ઓક્સીજન અને પોષક તત્વો મળી રહે.
- હૃદયને પણ ખોરાકની જરૂર પડે છે. માયોકાર્ડિયમને ઓક્સીજન અને પોષક તત્વોની જરૂર પડે છે. એ માયોકાર્ડિયમને કોરોનરી રક્તવાહિનીથી મળે છે આ રક્તવાહિનીઓ હૃદયની ઉપર રહેલી હોય છે અને હૃદયને ઓક્સિજનવાળુ લોહીં પહોંચાડે છે, જ્યારે હૃદયમાં પૂરતું ઓક્સીજન લોહીને ના પહોંચે તો ischemia નામની સ્થિતિ ઉત્પન્ન થાય છે, જે હૃદયની પમ્પ કરવાની ક્ષમતા ઘટાડી દે છે. કેમકે, પૂરતા પ્રમાણમાં ઓક્સીજન ના મળતા હૃદયની માંસપેશીઓ નબળી પડી જાય છે.




## (એ) રોગના લક્ષણો –


(૧) છાતીમાં દુખાવો (૨) થાક લાગવો (૩) ધબકારા વધવા (૪) શ્વાસ ચઢવો

## (બી) આ ઓપરેશનનાં જોખમો –

- ઓપરેશન વખતે બ્લીડીંગ થવું.
- ચીરો પડ્યો એ જગ્યાએ ઇન્ફેકશન લાગવું
- ન્યુમોનીયા થવાથી શ્વાસના મશીન પર વધારે સમય રહેવું
- હૃદયના ધબકારામાં ફેરફાર વધવા કે ઘટવા દર્દીઓ જેને કોઇપણ દવાની એલર્જી હોય તો જરૂરથી અચૂક ડોકટરને જણાવવું, ડોકટર સાથે જાણવા જેવી બાબતની ચર્ચા જરૂર કરવી.

## (સી) સી.એ.બી.જી. કેવી રીતે કરવામાં આવે છે –

- સર્જરી દરમ્યાન તમારી છાતીનું હાડકું બે ભાગમાં ખોલી હૃદયની જગ્યા ખોલવામાં આવે છે, પછી જગ્યાને હૃદય-ફેફસાનાં મશીનથી કામ લેવાય છે. (હાર્ટલંગ મશીન-જે આખુ ફેફસા અને હૃદયની ક્રિયા બંનેની ઉપર લઇ લે છે.) આનાથી સર્જનને થોડા સમય માટે હૃદય પર પણ ઓપરેશન કરવામાં આવે છે, હૃદયના નસનો ભાગ ત્યાર પછી ખોલવામાં આવે છે અને એમાં બ્લોક થયેલી કોરોનરી ધમનીઓ પર પગની નસનો અને છાતીની ધમની લગાવવામાં આવે છે, છાતીને પાછી સરખી રીતે બંધ કરી દેવામાં આવે છે.




## (ડી) દર્દીએ શું ધ્યાનમાં રાખવું જોઇએ –

**ઓપરેશન પહેલા –**

૧. દર્દીએ જે પણ દવા લેતા હોય એના વિશે ડોકટરને જાણ કરવી જરૂરી છે. દવાઓમાં (એસ્પીરીન, એસીટ્રોમ-વોર્ફેરીન) હોય તો તે ઓપરેશનના ત્રણ દિવસ પહેલાથી બંધ કરી દેવી, આ દવા ઓપરેશન દરમ્યાન બ્લીડીંગ (રક્તસ્ત્રાવ) વધારી દે છે.

૨. ઓછામાં ઓછું બે થી ત્રણ અઢવાડિયા પહેલા દર્દીએ ધ્રુમપાન બંધ કરવું. જે લોકો ધુમ્રપાન કરે છે એ લોકોના ફેફસામાં વધારે ચીકણો પદાર્થ ભરાઇ જાય છે જે ઓપરેશન પછી કાઢવામાં મુશ્કેલ પડે છે.

૩. દર્દીની સાથે કોઇ સંબંધી હોવું જરૂરી છે. (દર્દી દાખલ થાય, હોસ્પિટલમાં રહે અને રજા આપે ત્યાં સુધી.

૪. દર્દીને ઓપરેશન દરમ્યાન લોહી આપવાની જરૂર પડી શકે છે. આના માટે તમારા સગા સંબંધીઓએ જણાવ્યા પ્રમાણે લોહીની બોટલ ઓપરેશન પહેલા જમા કરાવવાની રહેશે.

૫. તમારા ડોકટર તમને સર્જરી વિશે સમજાવશે, ઓપરેશન કરવા માટેનું સંમતિ પત્રક ભરાવશે અને સહી કરાવશે.

૬. ઓપરેશન પહેલા તમને તમારા શરીરને સાબુથી ધસીને નહાવું જેથી ચામડી પર રહેલા કિટાણું મરી જાય.


૭. ઓપરેશની આગલી રાત્રે દર્દીએ અડધી રાત પછી કંઇ ખાવું પીવું નહી અને દવાઓ લેવી હોય તો પાણીનાં ઘુંટડા સાથે લઇ લેવી. (ડોકટરના જણાવ્યા મુજબની જ) ડાયાબિટીક દર્દી હોય તો ડોકટર સાથે ડાયાબેટીક દવાઓની પણ જાણ કરવી. પહેલા થયેલા કોઇપણ પ્રકારનાં રોગ તેમજ ઓપરેશન તેમજ ઓપરેશનની વિગતવાર જાણ કરવી.

૮. દર્દીએ બધી જ ધાતુની વસ્તુઓ જેમકે, ઘરેણા, હેરપીન, નેઇલપોલીશ સર્જરી પહેલા કાઢી લેવું.

**ઓપરેશન દરમ્યાન-**

૧. સગાઓને ઓપરેશન પહેલા મળી શકાય છે.

૨. દર્દીને સર્જરીનાં 5 થી 10 મીનીટ પહેલા પેશાબ જવા મળશે. ઓપરેશન વખતે અને પછી પેશાબ કરવા માટે પેશાબની નળી નાંખવામાં આવશે.




**ઓપરેશન પછી-**

૧ દર્દીને કાર્ડિયાક સર્જરી ઇન્ટેન્સીવ કેર યુનિટમાં લઇ જવાય છે.

૨ ઓપરેશન થીએટરમાંથી શ્વાસ માટે એક નળી, પેશાબની નળી અને વધારાના રક્તસ્ત્રાવને શરીરમાંથી બહાર કાઢવા માટેની નળીઓ સાથે આઇ.સી.સી.યુ. માં લાવવામાં આવે છે.

3 જ્યારે તમે ભાનમાં આવો, તમે તમારી જાતે શ્વાસ લેવા માંડો, પછી શ્વાસનળીની ની કાઢી નાંખવામાં આવે છે.

૪ પછી ઓક્સીજન માસ્ક મોઢા ઉપર લગાવવામાં આવે છે, જેથી તમે નાકથી ઓક્સીજન લઇ શકો છો.

૫ જો તમને દુખાવો થાય તો નર્સને જાણ કરો, તેઓ તમને દુખાવો ઓછો થાય તેની દવા આપશે.

૬ તમારે 10 થી 12 વખત ઊંડા શ્વાસ લેવા (દર કલાકે) અને ફીઝીયોથેરાપીસ્ટ (કસરતના ડોકટર) નાં કહેવામાં પ્રમાણેની અને છાતીની કસરતો કરવી.

૭ સર્જરી પછી તમે જેટલું ઉઠી શકો અને મિત્રો અને કુટુંબ સાથે વાત કરો, આ સાથે તમારો ઘાવ જલ્દી સારો થશે, આ કરવાથી તમારા મિત્રો ચિંતા મુક્ત થશે.

૮ સર્જરી પછીના દિવસે કોઇની મદદથી ચાલવાનો પ્રયત્ન કરો, બાયપાસ સર્જરીમાં તમારા પગની નસો કાઢી હોવાથી તમને પગે સોજો આવશે, તેથી ચિંતા કરશો નહીં, બેસો ત્યારે ધીમે ધીમે તમારા પગને ઉંચા કરો. પગ પર બાંધવાનો પાટો બાંધી રાખવાથી સોજામાં રાહત થશે.

૯ સર્જરી પછી લાલ રકત ઓછા થાય તે સામાન્ય બાબત છે, જેનાંથી તમને નબળાઇ અને થાક લાગશે.


૧૦ એક-બે દિવસ પછી છાતી અને પગનાં ઘાવ ઉપર ડ્રેસીંગ કરાશે.

૧૧ લીધેલા ટાંકા એની જાતે જ ઓગળી જાય છે.

૧૨ ડાયેટીશીયન તમને ભોજનમાં શું લઇને ખાઇ શકાય એને શું ન ખાઇ શકાય તેની માહિતી આપશે.

૧૩. ઘરે ગયા પછી ધીમે ધીમે ચાલવાનું શરૂ કરો, તમારી હળવી કસરતો તમારો ઘાવ ભરવામાં મદદ કરશે.

૧૪. ઘરે ગયા બાદ એક એઠવાડિયા પછી ડોકટરને બતાવો




**કોરોનરી આર્ટરી બાયપાસ**

## (ઇ) ઓપરેશન (સર્જરી) બાદ તમે શું અપેક્ષા રાખો છો ?

**1) દુખાવો –** તમારી છાતી અને પગમાં જ્યાં ચીરો મુકવામાં આવ્યો છે ત્યાં સોજો અથવા દુખાવો થાય છે, તમારા ખભા અને પીઠમાં પણ દુખાવો થાય છે, જે માટે દુખાવાને મટાડવાની દવાથી તેની અસર ઓછી થશે. આ દુખાવો ધીમેધીમે બે મહિના દરમ્યાન ઓછો થશે, ઉંડા શ્વાસ લેતા છાતીના હાડકામાં કંઇક હલતું હોય અને અવાજ આવતો હોય તેવું લાગશે, જે હાડકું સંધાતા બંધ થઇ જશે.

**2) હલન-ચલન –** તમારી સર્જરી પછીના દિવસે  તમે ખુરશીમાં બેસીને જમી શકો છો. તમે થોડા અંતરે દિવસમાં 2-3 વાર ચાલવાની કોશીશ કરવી. જ્યાં સુધી તમે જાતે ચાલવાનું અંતર વધારવું ચાલવાથી તમારી સર્જરીના ઘાવ રૂજાવવામાં મદદ મળે છે અને હૃદય, ફેફસા અને પાચનક્રિયા વ્યવસ્થિત થાય છે

- છ અઠવાડિયા સુધી વાહન ચલાવવું નહી તથા ભારે વજન ઉંચકવું નહીં,
- છ અઠવાડિયા પછી હળવી કસરતો કરી શકાય.

**3) શ્વસનક્રિયા –** ઉંડા શ્વાસ લેવા, જેથી ફેફસા સાફ રહે છે અને ખાંસતી વખતે છાતી ઉપર હાથ મુકીને ખાંસવું, આનાથી તમારો દુખાવો ઘટાડવામાં મદદ મળે છે. જ્યારે જાગતા હોય ત્યારે દિવસમાં 10 થી 12 વખત ઉંડી શ્વાસો શ્વાસની ક્રિયા કરવી જોઇએ.

**4) ખોરાક –** જ્યારે તમે ખાવા અને પીવાનું શરૂ કરો ત્યારે તમને આઇસ્ક્રિમ, તરલ પદાર્થ અ સ્વાસ્થ્યપ્રદ ખોરાક અપાશે. ડાયાબીટીશનાં દર્દીઓને ડાયેટીશીયનની સલાહ મુજબ ખોરાક અપાશે.

**5) ખાવાની ઇચ્છાં –** શરૂઆતમાં તમને ખાવાની ઇચ્છા નહીં થાય. આ સ્વાભાવિક છે. તમારી ના ખાવાની ઇચ્છા 2 થી 3 અઠવાડિયા સુધી રહેશે.

**6) કબજીયાત –** આ સામાન્ય લક્ષણ છે, સર્જરી પછી તમારે 6 થી 8 ગ્લાસ પાણી પીવું જોઇએ. ચાલવાથી તમારૂ પાચન સારૂ રહે છે અને કબજીયાતની તકલીફ ઓછી થાય છે.

**7) પગમાં સોજો –** તમને પગ અથવા એડીમાં સોજો રહી શકે છે. જો શિરા (નસ) તમારા પગમાંથી લીધી હશે તો આ સોજો બે મહિના સુધી રહેશે.



**સોજો ઓછો કરવા માટે –**

- કસરત કરવી અને ચાલવું.
- પગને તકીયાનાં ટેકે મુકીને સુવું કે બેસવું
- પગ ઉપર પગ ચઢાવીને ન બેસવું.
- ટાઇટ કપડા પહેરવા નહીં.
- ચેસ્ટ બાઇન્ડર અને સ્ટોકીંગ 3 થી 6 મહિના સુધી ડોકટરની સલાહ મુજબ પહેરવા

**8) કાર્યશક્તિ અને ઉંઘ માટે –** નબળાઇ અને થાક લાગવું તે સમાન્ય છે, તમને ઉંઘવામાં તકલીફ થઇ શકે. થોડા દિવસમાં દરરોજ ચાલવાથી તમારી દિનચર્યા સામાન્ય થશે અને ઉંઘ પણ આવશે.

**9) રીલેક્સ થવાની કસરત –** સર્જરીની પહેલા ડર રહેશે અને ઓપરેશન પછી અસવસ્થતા (ચિંતા) રહેશે, એ સામાન્ય બાબત છે, પણ રીલેક્સ થવા માટે શ્વાસને કંટ્રોલ કરવો. પ્રાણાયામ અને ધ્યાન પણ કરી શકાય.

શ્વાસ ઉપર ધ્યાન રાખવાથી તમે બીજી વાત ઉપર ઓછું ધ્યાન આપશો, આ શ્વાસની કસરત સર્જરી પહેલા કરવી.

## ઘરે ગયા પછીની ધ્યાનમાં રાખવા જેવી બાબતો

- **આરામ અને ઉંઘ** દરમિયાન તમને પહેલા 1 કે 2 અઠવાડિયા ઉંઘમાં તકલીફ થશે.
- **તેના માટે –**

  રોજ એક જ સમયે સુવુ અને ઉઠવું.

  રોજ એક થી બે વખત અડધો કલાક કે કે કલાક સુઇ જવું.

  રોજ સવારે અને સાંજે કસરત કરવી અને ચાલવું.

  સુતા પહેલા 1-2 અઠવાડિયું દુખાવાની દવા લઇને સુવું.
- **ટાંકા અને ઘાવની સંભાળ –**

  ગરમપાણી અને સાબુથી નહાવું, હલકા હાથથી ઘાવને પાણી જારવું, ઘાવને ઘસવો નહીં.

  ટુવાલથી હલકેથી દબાવવું અને સુકાવવું.

  તમારો ઘાવ સુકાઇ જાય કે ખંજવાળ આવે તો એની ઉપર ઠંડુ અને ભીનું કપડું મુકવું.

  ઘાવને ખુલ્લો રાખવો, જો સ્ત્રાવ નીકળે  સ્વચ્છ કપડાથી હલકેથી સાફ કરી ડ્રેસીંગ કરવું.

  ખુલતા કપડા પહેરવા

સર્જરીના ઘાવને ધ્યાને રાખવું અને જોવું કે,

-લાલશ કે સોજો રહેવો.

-સ્ત્રાવ ખાસ કરીને પીળો કે લીલો હોય

-દુખાવો થાય, તાવ આવવો.

**જો તમને આમાંથી કોઇપણ લક્ષણ દેખાય તો ડોકટરનો સંપર્ક કરવો.**

- **છાતીના હાડકાની સારવાર –**

હૃદયની સર્જરીમા બ્રેસ્ટ બોન (છાતીનું હાડકું) કાપવામાં આવે છે. એ હાડકાને બે વાયરથી જોડવામાં આવે છે. સમય જતાં "clicking" જેવો અવાજ આવે છે. 6 થી 8 અઠવાડિયામાં હાડકું જોડાતા આ અવાજ બંધ થઇ જાય છે.

## શું ના કરવું-

- એક હાથથી 2 થી 5 કિલો જેટલું વજન ઉંચકવું નહીં.
- હાથને ખેંચવો, ઘસડવો કે ઝાટકવો નહીં.
- કબજીયાત થવા દેવી નહીં.
- પેટ ઉપર સુવું નહીં.
- ઉભા, બેસવા કે ખસેડવામાં અને હાથનો ઉપયોગ કરવો. પલંગ પરથી આડા પડખે ઉભા થવું. ઓપરેશનમાં હાથની નસનો ઉપયોગ કર્યો હોવાથી થોડા સમય સુધે તે સૂન રહે છે, પછી સામાન્ય થઇ જાય છે, સર્જરી પછી નોકરી પર 2 થી 3 મહીના પછી પાછા ફરી શકાય છે.







# હોસ્પિટલની ઉલ્લેખનીય ખાસિયતો

**1251**
બેડ

**૧૫**
કાર્ડિયાક મોડ્યુલર
ઓપરેશન થિએટર્સ

**6**
કાર્ડિયાક
કેથ લેબ

**૫૪૬**
કાર્ડિયાક
આઈ.સી.યુ. બેડ

ટેલી-કાર્ડિયોલોજી

એડવાન્સ કાર્ડિયાક
આઇસીયુ ઓન વ્હીલ

ન્યૂમેટિક
ટ્યૂબ સિસ્ટમ

કાર્ડિયાક
એમ.આર.આઇ.

બ્લડ સેન્ટર

“ ગુણવત્તાયુક્ત વૈશ્વિક
કાર્ડિયાક કેર એક છત નીચે .... ”




Design : Photo-Graphic Dept. (UNMICRC) 02/2024

## યુ. એન. મહેતા ઇન્સ્ટિટ્યૂટ ઓફ કાર્ડિયોલોજી એન્ડ રીસર્ચ સેન્ટર

(બી. જે. મેડિકલ કોલેજ, અમદાવાદ સાથે સંલગ્ન)
સિવિલ હોસ્પિટલ (મેડીસીટી કેમ્પસ), અસારવા, અમદાવાદ - ૩૮૦ ૦૧૬
www.unmicrc.org